# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 22-09-2024** **Evening : 7.10 to 7.20**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

- મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના ગ્રામીણ વિસ્તારોના ૧ હજાર ૨૦ કિલોમીટર લંબાઈના ૭૮૭ માર્ગોને કોન્ક્રીટ રોડ બનાવવા ૬૬૮ કરોડ રૂપિયાના ભંડોળને મંજૂરી આપી છે.
- ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે દિવમાં વિવિધ યોજનાઓનું ઉદ્ઘાટન અને લોકાર્પણ કર્યું.
- કેન્દ્રીય રમતગમત મંત્રી મનસુખ માંડવીયાએ ડાંગના સાપુતારામાં રમતગમત સંકુલની મુલાકાત લઈ વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો..
- મીની તરણેતર તરીકે પ્રસિદ્ધ યક્ષ બૌંતેરા લોકમેળાનો કચ્છમાં આજથી પ્રારંભ.
- અને દક્ષિણ ગુજરાત સહિત રાજ્યના કેટલાક ભાગોમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી..

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CM RURAL ROAD FUND

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના ગ્રામીણ વિસ્તારોના ૧ હજાર ૨૦ કિલોમીટર લંબાઈના ૭૮૭ માર્ગોને કોન્ક્રીટ રોડ બનાવવા ૬૬૮ કરોડ રૂપિયાના ભંડોળને મંજૂરી આપી છે. રાજ્યના ગ્રામીણ વિસ્તારોમાં માર્ગો પર પાણી ભરાવાની તેમજ રસ્તા ધોવાઇ જવાની સમસ્યાના કાયમી ઉકેલ માટે ગામતળની લંબાઈમાં ૫.૫૦ મીટર કે ઉપલબ્ધ પહોળાઈમાં કોન્ક્રીટ રોડ બનાવવા માટે કુલ ૬૬૮.૩૦ કરોડ રૂપિયાની ફાળવણીની મંજુરી આપી છે.

જ્યાં કોન્ક્રીટ રોડ બનાવવો શક્ય નહી હોય ત્યાં પેવર બ્લોકની કામગીરી કરવામાં આવશે. ગ્રામીણ વિસ્તારોને સુવિધાયુક્ત, ટકાઉ અને બારમાસી માર્ગો પુરા પાડવા હેતુથી રાજ્ય સરકારે આ નિર્ણય લીધો છે.

# VP- DIU VISIT

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ બે દિવસના દીવ પ્રવાસે હતા. દરમિયાન તેમણે વિવિધ યોજનાઓનું ઉદ્ઘાટન અને લોકાર્પણ કર્યા હતા. આ વિશે વધુ માહિતી આપી રહ્યા છે દીવના અમારા પ્રતિનિધિ ભારતી રાવલ...

## (બાઇટ- ભારતી રાવલ-પ્રતિનિધી- દિવ)

# DANG- MANSUKH MANDVIYA

કેન્દ્રીય રમતગમત મંત્રી મનસુખ માંડવીયાએ ડાંગના સાપુતારામાં કાર્યરત રમત ગમત સંકુલની મુલાકાત લઈ વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો. આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું કે, વર્ષ ૨૦૩૬માં ભારતમાં ઓલમ્પિક યોજાશે, તેના માટે ખેલાડીઓએ મહેનત કરવી જોઇએ.

તેમણે ઉમેર્યું કે, વર્ષ ૨૦૪૭મા દેશ આઝાદીના સો વર્ષ પૂર્ણ કરે ત્યારે, દેશને રમત ગમત ક્ષેત્રે પાંચમા ક્રમે લાવવાનો પ્રયાસ કરવાનો છે. તે માટે કેન્દ્ર સરકાર દ્વારા શક્ય તમામ પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. કાર્યક્રમ દરમિયાન મંત્રીશ્રીએ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાની રમતોમાં શ્રેષ્ઠ દેખાવ કરનાર ખેલાડીઓને સન્માનિત કર્યા હતા.

# KUTCH- YAKSH NO MELO

મીની તરણેતર તરીકે પ્રસિદ્ધ યક્ષ બૌંતેરા લોકમેળાનો કચ્છમાં આજથી પ્રારંભ થયો છે. રાજ્ય પ્રવાસન મંત્રી મુળુભાઈ બેરાએ નખત્રાણા તાલુકાના સાયરા ખાતે આયોજીત આ મેળાનો પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે તેમણે મોટા યક્ષ મંદિર પરિસરના વિકાસ માટે 10 કરોડના ભંડોળની જાહેરાત કરી હતી. આ પ્રસંગે સંબોધન કરતા મુળુભાઈ બેરાએ જણાવ્યું કે કચ્છના સર્વાંગી વિકાસ માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે.

## (બાઇટ- મૂળુભાઇ બેરા- રાજ્યમંત્રી)

તેમણે ઉમેર્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વિકાસ પણ અને વારસો પણ સૂત્ર સાથે લોકમેળાઓને જીવંત બનાવી રાખવાનું કામ ગુજરાત

સરકારે કર્યું છે. આ ભાતીગળ લોકમેળાને માણવા મોટી સંખ્યામાં લોકો ઉમટી રહ્યા હતા.

તો માહિતી અને પ્રાસરણ મંત્રાલયના કેન્દ્રીય સંચાર બ્યુરો ભૂજ દ્વારા વિકસીત ભારત 2047 વિષય અંતર્ગતનું એક પ્રદર્શન આ મેળા ખાતે ખુલ્લુ મૂકવામાં આવ્યું હતું. ભારતના વિકાસ વિશેની માહિતી અને માર્ગદર્શન છેવાડાના લોકો સુધી પહોંચે એ માટેના કેન્દ્ર સરકારના આ અભિગમને પ્રવાસનમંત્રી મૂળુભાઈ બેરાએ આવકાર્યો હતો.

પર્યાવરણ મંત્રીએ ભુજ તાલુકામાં આવેલી વન વિભાગની મોચીરાઈ નર્સરીની મુલાકાત લઈને કચ્છમાં ચાલી રહેલી સામાજિક વનીકરણની કામગીરીની સમીક્ષા કરી હતી.

# ANNOUNCEMENT

## એક અગત્યની જાહેરાત...

મોદી સરકારના ત્રીજા કાર્યકાળના 100 દિવસ પૂર્ણ થવા નિમિત્તે આકાશવાણી અમદાવાદના પ્રાદેશિક સમાચાર વિભાગ દ્વારા પ્રસ્તુત વિશેષ કાર્યક્રમ “વિકસિત ભારત તરફ પ્રયાણ” આજે રવિવારે રાત્રે સવા 9 વાગ્યે આકાશવાણી અમદાવાદ કેન્દ્ર પરથી પ્રસારિત કરાશે.

**અગત્યની જાહેરાત પૂરી થઈ.**

# NARMDA- JANMANCH

કૉંગ્રેસના ધારાસભ્ય અને વિરોધ પક્ષના નેતા અમિત ચાવડા સ્થાનિક પ્રશ્નોના નિરાકરણ લાવવા વિધાનસભામાં પ્રશ્નો રજૂ કરશે. આ માટે લોકસંવાદ કરતા નર્મદા જિલ્લાના ગરુડેશ્વર ખાતે જનમંચ કાર્યક્રમ યોજાયો હતો. મોટી સંખ્યામાં લોકોએ ઉપસ્થિત રહી, પોતાના વિસ્તારોની સમસ્યાઓ વિશે રજૂઆત કરી હતી. નર્મદા જિલ્લામાંથી સ્ટેચ્યૂ ઑફ યુનિટીમાં ગયેલી જમીન, રોજગાર, સ્થાનિક લોકોનું શોષણ, સ્થાનિક રીક્ષાઓ બંધ કરવી, ગુનાખોરી, ખરાબ કેનાલ સહિતની સમસ્યાઓ વિશે લોકોએ રજૂઆત કરી હતી.

# CM- TRIVENI SANGAM

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ગાંધીનગર ખાતે તેર ગોળ ગુરુ બ્રાહ્મણ સમાજ સેવા સમિતિ દ્વારા આયોજીત ત્રિવેણી સંગમ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે સંબોધન કરતા મુખ્યમંત્રીએ કહ્યું કે સેવા કાર્યો આપણી ફરજ છે. અને આ ફરજ જે નિષ્ઠાપૂર્વક નિભાવી શકે તેના કાર્યો સરળતાથી થતા જ રહે છે. કાર્યક્રમ દરમિયાન મુખ્યમંત્રીના હસ્તે સમાજના નિવૃત્ત અને નવનિમણૂંક પામેલા કર્મચારીઓ અને તેજસ્વી વિદ્યાર્થીઓનું સમ્માન કરાયું હતું.

# SURAT SMIMER

કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી. આર. પાટિલે આજે સુરત મહાનગરપાલિકા સંચાલિત સ્મીમેર હૉસ્પિટલ પરિસર ખાતે 32.7 કરોડના ખર્ચે નવ નિર્મિત G+16 માળની પી.જી હૉસ્ટેલનું લોકાર્પણ કર્યું હતું. આ પ્રસંગે સંબોધન કરતા કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું કે સુરત મહાનગરપાલિકાએ સ્વચ્છતા, માળખાકીય વિકાસ, વાયુ સર્વેક્ષણ, આવાસ

યોજના સહિતના ક્ષેત્રોએ સિદ્ધી હાંસલ કરી છે. વધુમાં તેમણે ઉમેર્યું કે, સુરતવાસીઓના સહયોગથી સુરત વિકાસની નવી ઉંચાઈઓ આંબશે.

ઉલ્લેખનીય છે કે સુરત મનપાએ સ્મીમેર હોસ્પિટલના કેમ્પસમાં અત્યાધુનિક સુવિધાથી સજ્જ સુરતનું સૌ પ્રથમ ૪૫ મીટર ઊંચાઈ ધરાવતું હોસ્ટેલ બિલ્ડિંગ નિર્માણ કર્યું છે. જેમાં કુલ ૧૯૨ રૂમમાં અંદાજીત ૪૦૦ વિદ્યાર્થીઓ રહી શકશે. ઉપરાંત સ્મીમેર હોસ્પિટલના કેમ્પસમાં જળ સંચય માટે ૧૧ યુનિટ તૈયાર કરવામાં આવ્યા છે. જેથી વરસાદી પાણીનો સંગ્રહ કરી શકાય.

# WEATHER+RAIN

હવામાન વિભાગે દક્ષિણ ગુજરાત સહિત રાજ્યના કેટલાક ભાગોમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. વડોદરા, છોટા ઉદેપરુ, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, તાપી, નવસારી, વલસાડ, દમણ, દાદરા નગર અને હવેલીના કેટલાક ભાગોમાં ગાજવીજ સાથે છૂટોછવાયો વરસાદ વરસી શકે છે.

ઉત્તર ગુજરાતની વાત કરીએ તો અરવલ્લી, ખેડા, આણંદ, પંચમહાલ, દાહોદ અને મહિસાગરના અંતરિયાળ ભાગોમાં છૂટોછવાયો વરસાદ વરસી શકે છે. આ ઉપરાંત સૌરાષ્ટ્રમાં અમરેલી અને ભાવનગરમાં વરસાદની શક્યતા છે. રાજ્યના અન્ય ભાગોમાં તાપમાન સૂકું રહેવાનો અંદાજ છે.

દક્ષિણ ગુજરાતના વલસાડ તેમજ દાદરા નગર હવેલી તેમજ દમણ વિસ્તારમાં આજે બપોરથી વરસાદી માહોલ જામ્યો છે. સાંજે 4 વાગ્યા

સુધીમાં વલસાડ તાલુકામાં પોણા ઇંચ જેટલો વરસાદ વરસ્યો હતો. આ ઉપરાંત ધરમપુર, પારડ઼ી, કપરાડા ઉમરગામ તેમજ વાપીમાં સરેરાશ અડધો ઇંચથી ઓછો વરસાદ વરસ્યો હતો.

તો નવસારીના ગણદેવીમાં ગાજવીજ સાથે ભારે વરસાદ પડ્યો હતો..

અમરેલી જિલ્લામાં લાંબા વિરામ બાદ ધારી પંથકમા અડધો ઇંચ વરસાદ પડ્યો તો ખાંભા તાલુકાનાં આસપાસનાં ગ્રામ્ય વિસ્તારોમાં પણ વરસાદી ઝાપટાં પડ્યા હતા.

# SWACHHTA HI SEVA

રાજ્યભરમાં સ્વચ્છતા હી સેવા પખવાડિયાને વ્યાપક જનપ્રતિસાદ મળી રહ્યો છે. એક યાદીમાં જણાવાયું છે કે, રાજ્યમાં જાહેર વાહન વ્યવહાર અને હાઈવેની સાફ સફાઈમાં ૧ લાખ ૧૪ હજાર ૨૨૫થી વધુ નાગરીકો સફાઈ ઝુંબેશમાં જોડાયા હતા, જે પૈકી ૨૮૯ ટન કચરાનો નિકાલ કરવામાં આવ્યો છે.. રાજ્યની મહાનગરપાલિકા અને નગરપાલિકાઓમાં સ્વચ્છતા સંદર્ભે જન જાગૃતિ કેળવાય તે આશયથી ૭૬થી વધુ સ્વચ્છતાના શેરી નાટકનું આયોજન પણ કરવામાં આવ્યું છે.

તાપી જિલ્લાના અગાસવાણ ખાતે આદિજાતી રાજ્યમંત્રી કુંવરજી હળપતિના અધ્યક્ષસ્થાને “સ્વચ્છતા હી સેવા” અને “એક પેડ માં કે નામ” કાયક્રમ યોજાયો..

તો જામનગર મહાનગરપાલિકા દ્વારા દોડ અને સાયકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું..

ગીર સોમનાથમાં દરિયા કિનારાની સફાઈ કરવામાં આવી રહી છે. સુત્રાપાડા નગરપાલિકા તથા GHCL ફાઉન્ડેશનના સયુંકત ઉપક્રમે ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા તથા રંગોળી સ્પર્ધાનું આયોજન કરાયુ તેમજ સ્વચ્છતા અંગેના શપથ લેવામાં આવ્યાં. તો વેરાવળ એસ.ટી.ડેપો ખાતે મુસાફરોને સ્વચ્છતા અંગે જાગૃત કરાયા..